ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.
પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-004-007-2023-24

નરેન્દ્રસિંહ જે જાડેજા

ગામ: મુરુ ,તા નખત્રાણા -કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી એચ પી રાઠોડ કાર્યપાલક ઈજનેરશ્રી,

પીજીવીસીએલ વિભાગીય કચેરી, *નખત્રાણા* -કચ્છ............સામાવાળા.

બાબત:- ખેતીવાડી FQસમયસર નહી આપવા બાબત.

અરજદારતરફે:- નરેન્દ્રસિંહ જે જાડેજા

સામેવાળાનાતરફે:-

શ્રી એચ પી રાઠોડ કાર્યપાલક ઈજનેરશ્રી *નખત્રાણા* વિભાગીય કચેરી

કોરમ:

(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

સુનાવણીસ્થળ-પીજીવીસીએલ વર્તુળકચેરી, ભુજ

તા.: ૦૩/૦૪/૨૦૨૪

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓએ ગામ મુરુ મધ્યે ખેતીવાડીનું નવું વીજ જોડાણ મેળવવા માટે પીજીવીસીએલ ની રવાપર પેટા વિભાગીય કચેરીએ અરજી કરેલ હતી.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર તેઓએ મુરુ ગામમાં ખેતીવાડીના બે નવા વીજ જોડાણ (૧) જાડેજા નરેન્દ્રસિંહ જેમલજી (૨) જાડેજા કરશનબા નરેન્દ્રસિંહ ના નામે મેળવવા માટે તા.30/0૮/૨0૨૨ના રોજ પીજીવીસીએલ ની રવાપર પેટા વિભાગીય કચેરીએ રજીસ્ટ્રેશન ચાર્જ ભરીને અરજી કરેલ છે.

3. અરજદારશ્રીએ ખેતીવાડીના નવા કનેક્શનના FQમેળવવા માટે રવાપર પેટા વિભાગીય કચેરીએવારંવાર રજૂઆત કરી પરંતુ તેઓને FQસમયસર મળેલ નથી પરંતુ તેઓની અરજી પછીના ખેતીવાડી અરજી ના કનેકશનો અપાઈ ગયેલ છે તેથી તેઓનેઅન્યાય કરવામાં આવેલ છે તે બાબતે વાંધો છે. થી સદર બાબત માટે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.</u>

૪. પીજીવીસીએલ ની રવાપર પેટા વિભાગીય કચેરીના હેઠળના ગામ મુરુ મધ્યે સર્વે નં.૨૭0માં ખેતીવાડીના નવા વીજ જોડાણ મેળવવા માટે અરજદારશ્રી દ્વારા નોંધણી ની ફી ભરી તા. 30/0૮/૨0૨૨ના રોજ અરજી કરેલ હતી, જે S.R.No.15321356 થી જનરલ પ્રાયોરીટી નંબર (અગ્રતાક્રમ)રજીસ્ટરમાં ક્રમ-૩૫ થી નોંધવામાં આવેલ છે.

૫. નવા કનેક્શન આપવાના આગળના પગલા સ્વરૂપે તેઓ દ્વારા નોંધણી કરાયેલ સ્થળનો રવાપર પેટા વિભાગીય કચેરી દ્વારા રૂબરૂ સર્વે કરતા જાણવા મળેલ કે જાડેજા નરેન્દ્રસિંહ જેમલજી વાડા સર્વે નં.૨૭0માં પિયત માટે કોઈ બોર કે કુવો હયાત નહતો.

૬. રવાપર પેટા વિભાગીય કચેરી દ્વારા ઉપરોક્ત બાબતે અરજદારશ્રી ને પત્ર નંબર આરવીપી/ટેક/કુવો-બોર/૪૪૬૭ તા.૧૯/૧૨/૨૨ થી પ્રથમ નોટીસ આપવામાં આવેલ જેનો કોઈ પ્રત્યુત્તર ના મળતા બીજી નોટીસ નં. આરવીપી/ટેક/કુવો-બોર/૨૫૮ તા.30/0૧/૨૩ થી આપવામાં આવેલ જેઓ પણ કોઈ પ્રત્યુત્તર ના મળતા આખરી નોટીસ નં. આરવીપી/ટેક/કુવો-બોર/૫૯૬ તા.0૨/03/૨૩માં સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ કે તેઓને સદર વીજ જોડાણ લેવામાં કોઈ રસ નથી તેમ માનીને અરજી દફતરે કરવામાં આવશે.

૭. અરજદારના બીજા વીજજોડાણ જેના સર્વે નં.૨૭૪/૧માં જાડેજા કરશનબા નરેન્દ્રસિંહ માં નોંધણી ની ફી ભરી તા. 30/0૮/૨૦૨૨ના રોજ અરજી કરેલ હતી, જે S.R.No.15321319 થી જનરલ પ્રાયોરીટી નંબર (અગ્રતાક્રમ)રજીસ્ટરમાં ક્રમ૩૬ થી નોંધવામાં આવેલ પિયત માટે કોઈ બોર કે કુવો હયાત નહતો. આથી,રવાપર પેટા વિભાગીય કચેરી દ્વારા ઉપરોક્ત બાબતે અરજદારશ્રી ને પત્ર નંબર આરવીપી/ટેક/કુવોબોર/૪૪૬૮ તા.૧૯/૧૨/૨૨ થી પ્રથમ નોટીસ આપવામાં આવેલ જેનોઅરજદાર તરફથી કોઈ પ્રત્યુત્તર ના મળતા બીજી નોટીસ નં. આરવીપી/ટેક/કુવો-બોર/૨૫૯ તા.30/0૧/૨૩ થી આપવામાં આવેલ જેઓ પણ કોઈ પ્રત્યુત્તર ના મળતા રવાપર પેટા વિભાગીય કચેરી અરજદાર શ્રીને આખરી નોટીસ નં. આરવીપી/ટેક/કુવો-બોર/૫૯૭ તા.0૨/03/૨૩માં સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ કે તેઓને સદર વીજ જોડાણ લેવામાં કોઈ રસ નથી તેમ માનીને અરજી દફતરે કરવામાં આવશે.

આમ,ઉપરોક્ત બંને અરજદારને પુરતી તક આપવા છતાંતેઓ દ્વારા કુવો-બોર બનાવી જરૂરી આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી તેઓની અરજી દફતરે કરવામાં આવેલ અને અગ્રતાક્રમ મુજબ તેઓના પછી આવતા અરજદારોને અંદાજપત્ર આપી વીજ કનેક્શન આપવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આમ, તેઓને કનેક્શન આપવા કે અંદાજપત્ર આપવા બાબતે કોઈ અન્યાય કરવામાં આવેલ નથી પરંતુ સંપૂર્ણ કાર્યવાહી કંપનીના નિયમ મુજબ પારદર્શક રીતે કરવામાં આવેલ

## ફોરમ નુ તારણ

૮ બન્ને પક્ષકારોને રજુઆત જોતા ઉપરોકત ફરિયાદ અરજદાર ને એમને માંગેલ ખેતીવાડીના ભાવપત્રક ન મળતા નવા ખેતીવાડી કનેક્શનો મળી શકેલ નથી એ બાબતે ફરિયાદ ઉદભવી છે. ઉપરોકત બાબતે પીજીવીસીએલ દ્વારા અરજદારને નિયમ મુજબ બોર/કુવો બનાવવા માટેની અનુક્રમે તારીખ૧૯/૧૨/૨૦૨૨, 30/0૧/૨0૨૩,0૨/03/૨0૨૩ નોટીસો પાઠવવા માં આવેલ છે. પરંતુ ઉપરોકત નોટીસો અરજદારને મળેલ હોય એવો પુરાવો પીજીવીસીએલ તરફથી રજુ કરવામાં આવેલનથી, પરંતુ તારીખ03.0૪/૨0૨૪ ની ફોરમ ની મીટીંગમાં અરજદાર દ્વારા ઉપરોક્ત નોટીસો એમને મળી છે એમ કબુલ કરેલ છે. પંરતુ એમનો કોઇ લેખિતમાં જવાબ આપેલ નથી એ પણ ક્બુલ કરેલ છે.

૯ ઉપરાંત અરજદાર દ્વારા ઉપરોક્ત માંગેલ ખેતીવાડી કનેક્શન ના સ્થળે અગાઉ ખેતીવાડી કનેકશન હતુ જે રદ થઇ ગયેલ એ બાબત પણ કબુલ કરેલ છે.

૧૦ આમા અરજદાર દ્વારા ઉપરોક્ત પીજીવીસીએલ તરફથી મળેલ નોટીસો નો કોઇ લેખિત જવાબ આપેલ ન હોઇ અને ઉપરોકત ખેતીવાડી ના નવા વીજ કનેક્શનો ના ભાવપત્રકો મેળવવા બોર/કુવા બનાવવા વગેરે માટે કોઇ નક્કર કાર્યવાહી કરેલ ન હોઇ હાલે ઉપરોકત પીજીવીસીએલ દ્વારા દફ્તરે થઇ ગયેલ સદરહુ નવા કનેક્શન ની અરજીઓ નિયમ મુજબ છે. આમ છતા અરજદાર ધારે તો ફરીથી રજીસ્ટ્રેશન ચાર્જ ભરી નવી અરજી કરે તો પીજીવીસીએલ ને નિયમ મુજબ અગ્રતાક્રમે ઉપરોક્ત ખેતીવાડી વીજ કનેકશન આપવાની કાર્યવાહી કરવી.

(૭)

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

ઉપરોકત કેસમાં ઉપરોકત ક્રમ નંબર૧૦ મુજબ હુકમ કરવામાં આવે છે.

- અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.03/0૪/૨૦૨૪ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬000૧, ફોન નં.0૨૮૧-૨૯૯૪૧૨૫

ગ્રા.ફ.નિવારણ ફોરમ પ.ગુ.વી.કં.લિ. ભુજ કચ્છ